પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૮૬ • કુલ પાના : ૪ • તારીખ : ૦૨-૦૪-૨૦૨૨ શનિવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાન મોદીએ વિદ્યાર્થીઓને પરીક્ષા બાબતે માર્ગદર્શન આપ્યું

# પરીક્ષા એ જીવનનો એક ભાગ છે. એ નાના-નાના પડાવ છે. એનાથી ડરવું જોઈએ નહીં

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે 'પરીક્ષા પર ચર્ચા' દરમિયાન ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી છે. નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં આ કાર્યક્રમમાં મોદી ૧ હજાર વિદ્યાર્થી સાથે વાતચીત કરી છે. મોદીએ સૌપ્રથમ દેશભરના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા કેટલાક પ્રદર્શન પ્રોજેક્ટ્સ નિહાળ્યા હતા. આ દરમિયાન તેમણે બાળકોના ઓટોગ્રાફ પણ લીધા હતા. કાર્યક્રમની શરૂઆતમાં તેમણે કહ્યું હતું કે પરીક્ષાનું ટેન્શન ન હોવું જોઈએ. પરીક્ષાને તહેવાર બનાવી દઈશું તો એ રંગીન બની જશે. વડાપ્રધાન મોદીએ વિદ્યાર્થીઓ સાથે ૧૨૭ મિનિટ સુધી વાતચીત કરી હતી અને પરીક્ષામાં સારું પરિણામ મેળવવા માટે ઘણી બધી ટિપ્સ આપી હતી.વડાપ્રધાને વિદ્યાર્થીઓના સવાલ જવાબ આપ્યા હતાં તે આ પ્રમાણે હતાં.

વિદ્યાર્થીનો સવાલ- બે વર્ષ ઓનલાઈન શિક્ષણ લેવાની સાથે વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયા અને ગેમ્સની લત પડી ગઈ છે, એમાંથી કેવી રીતે બહાર નીકળવું

મોદીનો જવાબ : તમારી જાતને પૂછો કે તમે ઓનલાઈન રીડિંગ કરો છો, ત્યારે વાસ્તવમાં રીડિંગ કરો છો કે રીલ જુઓ છો. તમે સમજી ગયા છો કે મેં તમને પકડી લીધા છે. પ્રશ્ન ઓનલાઈન -ઓફલાઈનનો નથી. તમે ક્લાસરૂમમાં હશો તોપણ તમારો ચહેરો શિક્ષક સામે હશે, પણ મન બહાર હશે તો અહીં પણ આજ પ્રશ્ન થશે. માધ્યમ નહીં, મન સમસ્યા છે. માધ્યમ ઓનલાઈન હોય કે ઓફલાઈન હોય, પણ મારું મન એની સાથે જોડાયેલું હશે તો ઓનલાઈન-ઓફલાઈનનો કોઈ ફરક નહીં પડે. યુગ બદલાય તો માધ્યમ પણ બદલાશે. પહેલાં ગુરુકુળમાં તો પુસ્તકો પણ નહોતા. બાદમાં પુસ્તકો આવવા લાગ્યાં. આ પરિવર્તન સતત ચાલે છે. આજે આપણે ડિજિટલ ગેજેટના માધ્યમથી સરળતાથી વસ્તુઓ મેળવી રહ્યા છીએ. આને આપણે સમસ્યા નહીં, તક માનવી જોઈએ. ઓનલાઈન જ્ઞાન મેળવવાનું માધ્યમ છે.

મોદીએ કહ્યું હતું કે પરીક્ષા આપતાં-આપતાં આપણે એક્ઝામ પ્રૂફ બની ગયા છીએ, સ્ટ્રેસ લેવાની કોઈ જરૂર જ નથી. તેમણે બાળકોને કહ્યું હતું કે તેઓ આ વર્ષે એક નવું સાહસ કરવા




જઈ રહ્યા છે. સમય મર્યાદા પૂરી થયા પછી પણ તેઓ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપશે. આ માટે ટેક્સ્ટ, નમો એપ વગેરેની મદદ લેવામાં આવશે.

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ँર મોદીને પહેલો સવાલ દિલ્હીની વિદ્યાર્થિની ખુશીએ પૂછ્યો હતો. ખુશીએ પૂછ્યું કે પરીક્ષા દરમિયાન ડર અને સ્ટ્રેસનો સામનો કેવી રીતે કરવો?

પરીક્ષાના ડરના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે પરીક્ષા એ જીવનનો એક ભાગ છે. એ નાના-નાના પડાવ છે. એનાથી ડરવું જોઈએ નહીં. તમે પહેલાં પણ પરીક્ષા આપી છે. આવા અનુભવોને તમારી શક્તિ બનાવો. તમે જે કરી રહ્યા છો એના પર વિશ્વાસ કરો. હવે પરીક્ષા આપતાં-આપતાં આપણે એક્ઝામ પ્રૂફ બની ગયા છીએ, એટલે સ્ટ્રેસ લેવાની કોઈ જ જરૂર નથી.

બીજો પ્રશ્ન વડાપ્રધાનને સોશિયલ મીડિયાના એડિક્શન અંગે પૂછવામાં આવ્યો હતો. જવાબમાં તેમણે કહ્યું હતું કે જ્યારે તમે ઓનલાઈન ભણો છો ત્યારે તમે ખરેખર ભણો છો. વાસ્તવમાં દોષ ઓનલાઈન અથવા ઑફલાઈનનો નથી. સમસ્યા મનની છે. ઘણી વખત જ્યારે શિક્ષક વર્ગમાં શીખવે છે, ત્યારે તમારું શરીર ત્યાં હોય છે અને તમારું મન બીજે ક્યાંક હોય છે. જો તમારે વાંચવું હોય, સમજવું હોય તો ધ્યાનથી ભણવું પડશે.

વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેએ ँવડાપ્રધાન મોદીને ઓનલાઈન શિક્ષણ પર પ્રશ્નો પૂછ્યા હતા. તેમણે કહ્યું હતું કે ઓનલાઈન શિક્ષણ પડકારજનક છે. તેએ કેવી રીતે સુધારવું? જવાબમાં વડાપ્રધાનએ કહ્યું, જ્યારે તમે ઓનલાઈન હોવ ત્યારે શું તમે અભ્યાસ કરો છો અથવા રીલ્સ જુઓ છો? તેમણે વધુમાં કહ્યું હતુ કે દોષ ઓનલાઈન કે ઓફલાઈનનો નથી. જ્યારે તમારું મન બીજે હોય ત્યારે સાંભળવાનું જ બંધ થઈ જાય છે. જે વસ્તુઓ ઑફલાઈન છે એ ઑફલાઈન પણ છે.

પીએમએ કહ્યું કે સમગ્ર વિશ્વમાં શિક્ષણની નીતિ ઘડતરમાં આટલા લોકોને સામેલ કરવા એ એક રેકોર્ડ છે. ગ્રામીણ, શહેરી, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના તમામ સ્તરે ચર્ચા અને સંશોધન કર્યા બાદ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. આ પછી લોકોને મોકલીને લાખો ઈનપુટ લેવામાં આવ્યા હતા. જે બાદ તેને લાવવામાં આવી હતી. તેમાં રમતગમત ફરજીયાત કરવામાં આવ્યું છે. દેશના દરેક વર્ગે તેનું જોરદાર સ્વાગત કર્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે ૨૦મી સદીની નીતિ અને વિચાર સાથે ૨૧મી સદીનું નિર્માણ કરવું અશક્ય છે. નવી શિક્ષણ નીતિના અમલમાં વિલંબને કારણે દેશને નુકસાન થયું છે. આ નીતિમાં વિદ્યાર્થીઓને વધુ તકો મળી છે. જો કોઈ વિદ્યાર્થીએ કોઈ કોર્સમાં એડમિશન લીધું હોય અને તેને લાગતું હોય કે તે કંઈક બીજું કરવા માંગે છે, તો તેના માટે નવી શિક્ષણ નીતિમાં એક તક છે.

મોટિવેશનના સવાલના જવાબમાં પીએમ મોદીએ કહ્યું કે મોટિવેશનનું કોઈ ઈન્જેક્શન નથી હોતું. કોઈ ફોર્મ્યુલા નથી હોતી. તમે જાતે જ જુઓ કે એવી કઈ વસ્તુ છે જેના કારણે તમે નિરાશ થઈ જાઓ છો. તમારી નિરાશાનું સાચું કારણ જાણો. કોઈના પર નિર્ભર ન રહો. તમારી હકારાત્મક અને નકારાત્મક બંને બાબતોને સમજો. આ તમને તમારી જાતને વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે અને બીજાના મોટિવેશનની જરૂર રહેશે નહીં.

પીએમ મોદીએ કહ્યું કે પરીક્ષાથી ડરવાની જરૂર નથી. તમે પરીક્ષાને કહો કે મેં આટલી તૈયારી કરી છે, આટલું ભણ્યું છે. આ દરમિયાન પીએમ મોદીએ એક્ઝામ વોરિયર પુસ્તકનો પણ ઉલ્લેખ કર્યો હતો.

માતા-પિતા બાળકોની પરિસ્થિતિને સમજવાના પ્રશ્નના જવાબમાં પીએમે કહ્યું કે માતા-પિતા પોતાના જીવનમાં જે કંઈ કરવા માગતા હતા, તેઓ તેને બાળકો પાસેથી કરાવવા માગે છે. આજે માતાપિતા તેમની મહત્વાકાંક્ષાઓ અને સપનાઓનો બાળકો પર થોપવાનો પ્રયાસ કરે છે. બીજું, શિક્ષકો પણ તેમની શાળાનું ઉદાહરણ આપીને તેમના પર દબાણ લાવે છે. આપણે બાળકોની સ્કિલને સમજવાના પ્રયાસ કરતા નથી, જેના કારણે ઘણી વખત બાળકો ઠોકર ખાય છે.

નવી શિક્ષણ નીતિના પ્રશ્ન પર, પીએમે કહ્યું કે તે નવી નહીં. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ છે, જે વ્યક્તિત્વના વિકાસ પર ભાર મૂકે છે. જ્ઞાનના ભંડારથી વધુ મહત્વનું સ્કિલ ડેવલપમેન્ટ છે. અમે એક એવી બ્લુપ્રિન્ટ બનાવી છે, જેમાં જો તમને એક કોર્ષમાં અધવચ્ચે ભણવાનું મન ન થાય તો તમે તેને છોડીને બીજો કોર્સ પણ કરી શકો છો. આપણે આપણી તમામ વ્યવસ્થાઓ અને નીતિઓને ૨૧મી સદી અનુસાર ઘડવી જોઈએ. જો આપણે આપણી જાતને સામેલ નહીં કરીએ, તો આપણે સ્થિર થઈ જઈશું અને પાછળ રહી જઈશું. ँએ વધુંમાં કહ્યું કે તમારે રમતગમત પર પણ ધ્યાન આપવું જોઈએ, કારણ કે બાળકો રમત રમીને ઘણું શીખે છે. ખીલવા માટે રમત જરૂરી છે.

વડાપ્રધાને કહ્યું કે તમારી પોતાની પરીક્ષા લો, મારા પુસ્તકમાં લખ્યું છે કે ક્યારેક પરીક્ષાને જ એક પત્ર લખો- અરે ડિયર પરીક્ષા, હું આટલું શીખીને આવ્યો છું. આટલી તૈયારીઓ કરી છે. મારી સાથે સ્પર્ધા કરનાર તું કોણ છે? વડાપ્રધાને કહ્યું હતુ કે એક્ઝામના નામે એક લેટર લખો અને તેમાં કહો કે મારી તૈયારીઓ પુરી છે. તુ શું, હું જ તારી એક્ઝામ લઈશ. પીએમ મોદીએ કહ્યું કે દીકરા-દીકરીમાં ભેદ ન કરો. દીકરીઓને નવી તકો મળવી જોઈએ. આજે દીકરી દરેક પરિવારની શક્તિ બની ગઈ છે. તેથી જ દીકરીઓની શક્તિ માટે ઘણું સન્માન કરવું જરૂરી છે. મેં એવી ઘણી દીકરીઓ જોઈ છે, જેમણે પોતાના માતા-પિતાની ખુશી અને સેવા માટે લગ્ન પણ નથી કર્યા અને આખી જિંદગી માતા-પિતાની સેવામાં વિતાવી દીધી. આજે રમતગમતમાં ભારતની દીકરીઓ દરેક જગ્યાએ પોતાનું નામ રોશન કરી રહી છે. આજે વિજ્ઞાન ક્ષેત્રે આપણી દીકરીઓની તાકાત દેખાય છે. ધોરણ ૧૦, ૧૨માં પાસ થનારાઓમાં પણ દીકરીઓની સંખ્યા વધુ હોય છે.

## મોંઘવારી મુદ્દે પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર સહિત કોંગ્રેસના કાર્યકરોએ રોડ બંધ કરાવ્યો

અમદાવાદ,

કોંગ્રેસ દ્વારા મોંઘવારી મુદ્દે વિરોધ પ્રદર્શન યોજાયું હતાં જેમાં પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, રઘુ શર્મા, શહેર પ્રમુખ નીરવ બક્ષી અને મોટી સંખ્યામાં કાર્યકરો સામેલ થયા હતાં કોંગ્રેસના કાર્યકરો અમરાઈવાડી ચાર રસ્તા પાસે રોડ પર જ બેનરો અને સૂત્રોચાર સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યાં હતાં કાર્યકરોએ ગેસના બાટલા ઊંચા કરીને તથા નારા લગાવીને વિરોધ કર્યો હતો અને ભાજપનું પૂતળાદહન કર્યુ હતું કાર્યકરો અને કોંગ્રેસના નેતાઓએ રોડ-રસ્તા પર બેસીને રોડ બંધ કરવામાં આવ્યો હતો.પોલીસે કાર્યકરોની અટકાયત કરી હતી જેનો મહિલા કાર્યકરોએ વિરોધ કર્યો હતો અને મહિલાઓ પોલીસની ગાડી પર ચઢી ગઈ છે. પોલીસે ટીંગાટોળી કરીને કાર્યકરોની અટકાયત કરી હતી.



એ યાદ રહે કે ગઈકાલે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ દ્વારા મોંઘવારી મુદ્દે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદેશ કાર્યાલયથી મોંઘવારીની નનામી કાઢીને પૂતળાદહન જેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ આ વિરોધ પ્રદર્શન યોજાય એ પહેલાં જ કોંગ્રેસ કાર્યાલયમાંથી આ મહિલાઓને અટકાવી દેવામાં આવી હતી નનામીને શોધવા કાર્યાલયમાં પોલીસ પહોંચી હતી, જેને પગલે પોલીસ અને ગુજરાત કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોર તેમજ પ્રભારી રઘુ શર્મા સહિતના કોંગ્રેસના કાર્યકર્તાઓ સાથે પોલીસની ઝપાઝપી થઈ હતી. કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે તેમણે બપોરથી જ કોંગ્રેસ કાર્યાલયમાં અંદર આવીને સર્ચ-ઓપરેશન કર્યુ હતું અને મોંઘવારીની નનામી શોધી અને તમને સફળ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ મામલે ગુજરાત કોંગ્રેસપ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે આજે પ્રદેશ કાર્યાલય ખાતે જે ઘટના બની છે એ મામલે અમે પોલીસ ફરિયાદ કરીશું. અમારી લીગલ સેલની ટીમ કામ કરી રહી છે. જામનગરમાં પણ યુવક કોંગ્રેસના કાર્યકર્તાઓને માર માર્યો હોવાને લઈ અમે ફરિયાદ કરીશું. યુવક કોંગ્રેસના કાર્યક્રમની પરમિશન ન આપી. બસ, ગાડીઓવાળાને પોલીસે બોલાવીને ધમકાવ્યા હતા. અમારા પ્રદેશ કાર્યાલયમાં કાર્યક્રમ હતો. ૧૧ વાગે પોલીસ આવીને કાર્યાલયના રૂમ ચેક કર્યા. અમે બેઠા હતા ત્યારે પોલીસે ધમકાવ્યા. અધિકારીઓને પૂછતાં તેઓ પાસે જવાબ નહોતો. ભાજપ સરકાર ડરી ગઈ છે. અમે ડરીશું નહિ. ભાજપની જોહુકમીથી ડરીશું નહિ.

## ગુજરાત રાજ્યમાં ચૂંટણી યોજવા માટે તંત્રની તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં પહોંચી

ગાંધીનગર,

ગુજરાત રાજ્ય વિધાનસભાની મુદત આગામી ડીસેમ્બર મહિનામાં પૂરી થઈ રહી છે. ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યની ચૂંટણી પૂરી થઈ ચૂકી છે. તેમજ રાજ્યમાં સરકાર પણ બની ગઈ છે. પાંચ રાજ્યમાં ભાજપના શ્રેષ્ઠ દેખાવને યથાવત રાખવા માટે ગુજરાતમાં એડીચોટીનું જોર લગાવાઈ રહ્યું છે. ગુજરાત રાજ્યની ચૂંટણી વહેલી થવાના એંધાણ વચ્ચે ચૂંટણીપંચની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. એક ઉચ્ચ અધિકારીના જણાવ્યા અનુસાર ચૂંટણીની જાહેરાત આવતા મહિનાના પહેલા અથવા બીજા



અઠવાડિયામાં થઈ શકે છે.

અત્યારે એવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે. પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પંજાબને બાદ કરતા બધી જગ્યાએ પરિણામ ભાજપ તરફી રહ્યા છે.આ ભવ્ય વિજયને યથાવત રાખવા માટે ગુજરાત વિધાનસભાની ચૂંટણી વહેલી કરવામાં આવી એવી પૂરી શક્યતા સેવાઈ રહી છે. હાલ તૈયારીઓ એવી ચાલી રહી છે કે, આગામી બે મહિનામાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી શરૂ થવાની હોય.

રાજ્ય ચૂંટણી પંચ તરફથી વડોદરા શહેર જિલ્લા સહિત રાજ્યભરની શાળા તથા કૉલેજ પાસેથી એમના કર્મચારીઓની તમામ વિગત મંગાવવામાં આવી છે. જે ન મોકલે એની સામે અંતિમ રીમાઈન્ડર મોકલીને અઠવાડિયામાં વિગત મોકલી દેવા આદેશ કરાયો છે. બીજી બાજું સ્ટ્રોંગ રૂમ બનાવવા તથા મતગણતરી માટે સ્થળને લઈ જે તે શૈક્ષણિક સંસ્થાઓને પત્ર લખાયો છે. પણ આ પત્રમાં ખાસ કોઈ તારીખનો ઉલ્લેખ નથી. વિધાનસભાની ગુજરાતમાં ચૂંટણી અંગે એક ઉચ્ચ અધિકારીએ કહ્યું કે, હાલ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.એટલે શક્ય છે કે, આગામી મહિનાના પહેલા અથવા બીજા અઠવાડિયામાં ચૂંટણી અંગેની જાહેરાત થઈ શકે છે. આ ઉપરાંત મતદાન ક્યારે થશે એનો વિગતવાર કાર્યક્રમ પણ બહાર પડી શકે છે. મે મહિનાની ૧૫ તારીખ આસપાસ મતદાન ગોઠવાઈ શકે છે. જેને લઈ હાલ તમામ તૈયારીઓનો ફાયનલ ટચ આપવામાં આવી રહ્યો છે. જોકે, જે રીતે રાજકીય પાર્ટીઓની બેઠકનો ધમધમાટ શરૂ થયો છે એના પરથી કહી શકાય છે કે, ચૂંટણી વહેલી આવી શકે છે.

## મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખ સામે CBI તપાસ ચાલુ રહેશે

મુંબઈ,

મહારાષ્ટ્ર સરકારને મોટો ઝટકો લાગ્યો છે. પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખ સામે સીબીઆઈ તપાસ ચાલુ રહેશે. સુપ્રીમ કોર્ટે તપાસમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કરી દીધો છે. કોર્ટે મહારાષ્ટ્ર સરકારની અરજી ફગાવી દીધી છે. દેશમુખ સામેની તપાસ એસઆઈટીને સોંપવાની મહારાષ્ટ્રની માંગને ફગાવી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમે આ મામલાને સ્પર્શ પણ નહીં કરીએ. આ પહેલા બોમ્બે હાઈકોર્ટે પણ મહારાષ્ટ્ર સરકારની અરજીને ફગાવી દીધી હતી. મહારાષ્ટ્ર સરકારે ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખ વિરુદ્ધની ભ્રષ્ટાચાર વિરોધી તપાસ કોર્ટની દેખરેખ હેઠળની એસઆઈટીને સોંપવાની માંગ કરી હતી. આ કેસ દેશમુખ જ્યારે ગૃહ પ્રધાન હતા ત્યારે તેમની સામે પોલીસ ટ્રાન્સફર અને પોસ્ટિંગ માટે લાંચ લેવાના આરોપોથી સંબંધિત છે. મહારાષ્ટ્ર સરકારે કહ્યું હતું કે, મહારાષ્ટ્રના પૂર્વ ડીજીપી સુબોધ કુમાર જયસ્વાલ હવે સીબીઆઈના ડાયરેક્ટર છે. સીબીઆઈની તપાસમાં પક્ષપાતની શક્યતા છે. જયસ્વાલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ બોર્ડનો હિસ્સો હતો અને ટ્રાન્સફર અને પોસ્ટિંગની દેખરેખ રાખતો હતો. જો સીબીઆઈ ડાયરેક્ટર સંભવિત આરોપી ન હોય તો સાક્ષીઓ હોવા જોઈએ. જસ્ટિસ એસકે કૌલ અને એમએમ સુંદરેશની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી.

## એપ્રિલમાં પણ ગરમી ગુજરાત-મહારાષ્ટ્ર સહિત ઉતર ભારત ખૂબ 'તપશે'

નવીદિલ્હી,

દેશના અનેક ભાગોમાં માર્ચ મહિનાથી જ શરુ થઇ ગયેલી ભીષણ ગરમી એપ્રિલ મહિનામાં વધુ કાળઝાળ બનવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન ખાતાએ એપ્રિલ મહિના માટે કરેલી આગાહી પ્રમાણે ઉપર તથા મધ્ય ભાગમાં ભીષણ ગરમી-ઉંચા તાપમાનનો સિલસિલો યથાવત રહેશે. હવામાન વિભાગના નકશામાં મધ્ય ભારતમાં ગુજરાત તથા મહારાષ્ટ્ર તથા ઓડિશા પણ આવી જાય છે.

હવામાન ખાતાના રિપોર્ટ પ્રમાણે એપ્રિલ મહિનામાં પૂર્વોત્તર ભારતમાં તાપમાન નોર્મલથી ઉંચુ રહેશે. જ્યારે દક્ષિણ તથા મધ્ય ભારતના પૂર્વીય ભાગોમાં નોર્મલથી નીચુ રહેશે. ઉત્તર પૂર્વના દક્ષિણ ભાગોમાં પણ તાપમાન સરેરાશથી નીચુ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગે એમ પણ કહ્યું છે કે, દેશમાં એપ્રિલ મહિનાનો વરસાદ એકંદરે સામાન્ય રહે તેમ છે છતાં ઉત્તર, મધ્ય અને પૂર્વોતર ભાગોમાં સરેરાશથી ઓછો રહેશે જ્યારે દક્ષિણ ભારત તથા પશ્ચિમ મધ્ય ભારતને સંલગ્ન ભાગો તથા પૂર્વોત્તર ક્ષેત્રોમાં સારો વરસાદ થઇ શકે છે.

હવામાન વિભાગે માર્ચ મહિના માટે ઉતર ભારતનું તાપમાન નોર્મલ કરતા નીચુ રહેવાની આગાહી કરી હતી તે ખોટી પડી હતી કારણ કે તાપમાન ઘણું ઉંચુ રહ્યુ હતું. હવામાન વિભાગના વડા મૃત્યુંજય મોહપાત્રાએ કહ્યું હતું કે, વેસ્ટર્ન ડીસ્ટર્બન્સનો ઉતર બાજુનો વધુ ઝુકાવતથા પશ્ચ્ચિમી રાજસ્થાનમાં એન્ટી-સાયકલોનિક સરક્યુલેશનથી તાપમાન વધી ગયું હતું.

હવામાન ખાતા દ્વારા હીટવેવ-અત્યાધિકતાપમાનની સ્થિતિનો સામનો કરવો લોકોને એલર્ટ રહેવા સુચવવામાં આવ્યું છે. ખુલ્લા તાપમાં બહાર નહીં નીકળવા, ખુલતા કપડા પહેરવા વગેરે સલાહ આપવામાં આવી છે. આકરા તાપ-ગરમીની અસરે ડીહાઈડ્રેશન, ડાયેરીયા, ઉલ્ટી, ફૂડ પોઈઝનીંગ જેવી બિમારીની આશંકા રહે છે એટલે ખાનપાનમાં પણ કાળજી રાખવા સૂચવ્યું છે.

## યુક્રેન આક્રમણ બાદ લોકશાહી દેશોએ નજીક આવવું જરૂરીઃ લીઝ

નવીદિલ્હી,

યુ.કે.ના ફોરેન સેક્રેટરી લીઝ ટ્રસે ભારતની તેમની મુલાકાત દરમિયાન દેશના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે એક બેઠક કરી હતી. જેમાં લીઝ ટ્રસે કહ્યું છે કે,'યુક્રેન પર રશિયાના આક્રમણે સ્વતંત્ર લોકશાહી રાષ્ટ્રોને વધુ ઘનિષ્ટતા સાથે કાર્ય કરવાના મહત્ત્વને વધાર્યું છે.' રશિયાના આક્રમણકારી અને ઉગ્ર વલણના વિરોધમાં અને તેના પરની ગ્લોબલ સ્ટ્રેટેજિક નિર્ભરતાને ઘટાડવા NATO અને ૭૭ની બેઠક પહેલા લીઝે પોતાના મહત્ત્વના મંતવ્યો રજૂ કર્યા છે.



ફોરેન સેક્રેટરી લીઝ ટ્રસે કહ્યું હતું કે,'ભારત અને બ્રિટેન વચ્ચેની ઘનિષ્ટ સંધિઓ ઈન્ડો-પેસિફિક અને વૈશ્વિક સિક્યોરિટીને વેગ આપશે. હાલ જ્યારે રશિયા દ્વારા યુક્રેન પર આક્રમણ કરવામાં આવ્યું છે ત્યારે એ સંદર્ભમાં આ વાતનું મહત્ત્વ વધી જાય છે કે સ્વતંત્ર લોકશાહીઓએ વધુ નજીક આવીને ડિફેન્સ, ટ્રેડ અને સાયબર સિક્યોરિટીના ક્ષેત્રે કામ કરવું જોઈએ.' ભારતમાં રિન્યૂએબલ એનર્જીને સપોર્ટ કરવા માટે ૭૦ મીલીયન યૂરોનું બ્રિટિશ ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટને પણ અંતિમ ઓપ આપવામાં આવશે.

## માર્ચમાં GSTની ઐતિહાસિક રૂ.૧.૪૨ લાખ કરોડની આવક

નવીદિલ્હી,

માર્ચ મહિનામાં (ફેબ્રુઆરી મહિનામાં થયેલા બિલિંગ માટે ભરવામાં આવતો ટેક્સ) દેશમાં જીએસટીની કુલ આવક રૂ.૧,૪૨,૦૯૫ કરોડ થઇ છે જે જીએસટીના અમલ પછીની સૌથી વધુ માસિક આવક છે. કુલ આવકમાં કેન્દ્રીય જીએસટી રૂ.૨૫૮૩૦ કરોડ, રાજ્ય નો જીએસટી રૂ.૩૨,૩૭૮ કરોડ આને આયાત-નિકાસનો આઈજીએસટી રૂ.૭૪૪૭૦ કરોડ છે. આ મહિનામાં રૂ. ૯૪૧૭ કરોડની સેશ પણ એકત્ર કરવામાં આવી છે. ગત માર્ચ ૨૦૨૧ કરતા માર્ચ ૨૦૨૨માં જીએસટીની આવક ૧૫ ટકા વધારે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં સરેરાશ દર મહિને રૂ. ૧.૩૮ લાખ કરોડની જીએસટીની વસૂલાત થઇ છે જે પાછલા વર્ષ રૂ.૧.૩૦ લાખ કરોડ હતી. માર્ચ મહિનામાં ગુજરાત રાજ્યની જીએસટીની આવક ગત વર્ષ કરતા ૧૨ ટકા વધીને રૂ.૯૧૫૮ કરોડ થઇ છે. જ્યારે સમગ્ર દેશમાં ઓરિસ્સા ૨૬ ટકા, મેઘાલય ૧૯ ટકા, બિહાર ૧૩ ટકા, હરિયાણા ૧૭ ટકા વધી છે જે ગુજરાત કરતા વધારે છે.

## LPG ગેસ સિલિન્ડર ૨૫૦ રૂપિયા મોંઘો, ૨ મહિનામાં ૩૪૬ રૂપિયાનો વધારો

નવીદિલ્હી,

દેશભરમાં આજથી એલપીજી સિલિન્ડરના નવા ભાવ જાહેર થઈ ગયા છે. આ વખતે એલપીજી ગેસ સિલિન્ડર ૨૫૦ રૂપિયા મોંઘો થઈ ગયો છે. જોકે આ વધારો કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. તો બીજી તરફ એલપીજીના ગ્રાહકોને રાહત મળી છે. હમણાં ૧૦ દિવસ પહેલાં ઘરેલૂ એલપીજી સિલિન્ડરના ભાવ વધ્યા હતા જ્યારે ૨૨ માર્ચના રોજ કોમર્શિયલ સિલિન્ડર સસ્તો થયો હતો.

લાંબા સમયથી પેટ્રોલ-ડીઝલ અને એલપીજી ગ્રાહકોને મોંઘવારીનો માર પડવાનું શરૂ થઈ ગયું હતું. ૨૨ માર્ચના રોજ સબસિડી વિનાના ઘરેલૂ એલપીજી સિલિન્ડરમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. તમને જણાવી દઈએ કે ૧૯ કિલોવાળા કોમર્શિયલ એલપીજી સિલિન્ડર આજથી દિલ્હીમાં ૨૨૫૩ રૂપિયાનો મળશે.

બીજી તરફ કલકત્તામાં હવે આ ૨૦૮૭ રૂપિયાના બદલે ૨૩૫૧



રૂપિયા અને મુંબઈમાં ૧૯૯૫૫ ના બદલે ૨૨૦૫ રૂપિયામાં મળશે. ચેન્નઈમાં હવે આ સિલિન્ડર માટે ૨૧૩૮ રૂપિયાના બદલે ૨૪૦૬ રૂપિયા ખર્ચ કરવા પડશે. તમને જણાવી દઈએ કે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારા ઉપરાંત હવાઈ ઈંધણના ભાવમાં વધારો થયો છે. ૧ એપ્રિલના રોજ જેટ ફ્યૂલ એટલે કે એટીએફના ભાવ ૨ ટકા વધીને ૧,૧૨,૯૨૫ કિલોલીટર થઈ ગયા છે. પહેલાં ૧,૧૦, ૬૬૬ રૂપિયા કિલોલીટર હતા. તો બીજી તરફ નવા દર ૧૫ એપ્રિલ ૨૦૨૨થી લાગૂ થશે.

## સમગ્ર દેશમાં ૨૦૨૦માં સૌથી વધુ નકલી ચલણી નોટો મહારાષ્ટ્રમાં ઝડપાઈ

નવીદિલ્હી,

અગાઉના વર્ષોની તુલનાએ ૨૦૨૦માં સમગ્ર દેશમાં વધુ સંખ્યામાં જાલી ચલણી નોટ (ફેઈક ઈન્ડિયન કરન્સી નોટ-એફઆઈસીએન) ઝડપાઇ હતી. આ વર્ષે રૂા. ૯૨ કરોડથી પણ અધિક મૂલ્યની ૮,૩૪,૯૪૭ બનાવટી નોટ પકડાઇ હતી.

રાજ્ય સભામાં એક પ્રશ્નના ઉત્તરમાં એનસીઆરબી (નેશનલ ક્રાઈમ રેકોર્ડઝ બ્યુરો)ની આ માહિતી રજૂ કરતાં ગૃહખાતાના રાજ્યકક્ષાના પ્રધાન નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે ૨૦૧૯ની સરખામણીએ ૨૦૨૦માં સમગ્ર દેશમાંથી લગભગ ૧૮૮ ટકા વધુ બનાવટી ચલણી નોટો ઝડપાઇ હતી. આ સમયમાં પકડાયેલી નોટોના મૂલ્યમાં પણ ૨૬૩ ટકાનો વધારો થયો હતો.

૨૦૨૦માં પકડાયેલી ચલણીનોટો પૈકીની ૯૧ ટકા (રૂા. ૮૩.૬ કરોડ)ના મૂલ્યની નોટો સાથે મહારાષ્ટ્ર અન્ય રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશો (યુનિયન ટેરીટરી-યુટી)માં પ્રથમ ક્રમે હતું. રૂા. ૨.૪૬ કરોડના મૂલ્યની જાલી નોટો સાથે બીજા ક્રમે પશ્ચિમ બંગાળ તથા રૂા. ૧.૪૪ કરોડની નકલી નોટોની જપ્તી સાથે આંધ્રપ્રદેશ ત્રીજા સ્થાને હતું.

આશ્ચર્યજનક બાબત એ છે કે ભારતમાં ૨૦૨૦માં પકડાયેલી નકલી નોટોની સંખ્યા તથા તેમના અંકિત મૂલ્ય (ફેસ વેલ્યુ)માં તીવ્ર વધારો થયો હોવા છતાં અગાઉના વર્ષ કરતાં આ વર્ષમાં નકલી નોટો ચલણમાં મૂકવાના અપરાધના કેસ અથવા એફઆઈઆરની સંખ્યા ઘટીને ૩૮૫ની થઈ હતી. ૨૦૧૯માં આ અપરાધના ૮૩૫ કેસ નોંધાયા હતા.

મહારાષ્ટ્રમાંથી ૨૦૨૦ રૂા. ૮૩.૬ કરોડની નકલી નોટો ઝડપાઇ તે અગાઉ ૨૦૧૯માં માત્ર રૂા. ૧.૯૨ કરોડ, ૨૦૧૮માં રૂા. ૧.૧૫ કરોડ, ૨૦૧૭માં રૂા. બાવન લાખ તથા ૨૦૧૬માં ફક્ત રૂા. ૪૮ લાખની નકલી નોટો જપ્ત કરાઈ હતી.

# લુણાવાડાની કિસાન માધ્યમિક વિદ્યાલય ખાતે મહાનુભાવોએ વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ નિહાળ્યો

લુણાવાડા,
દિલ્હીના તાલકટોરા સ્ટેડીયમ ખાતેથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત પાંચમી શ્રેણીમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે સંવાદ સાધી પરીક્ષાના તણાવને દુર કરવા માટે અને પરીક્ષામાં વધુ સારૂ પ્રદર્શન કરવા ઉપયોગી માર્ગદર્શન આપ્યુ હતું. આ કાર્યક્રમ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ૧ લી એપ્રિલે ''પરીક્ષા પે ચર્ચા'' કાર્યક્રમ દુરદર્શનની નેશનલ ચેનલ તથા દુરદર્શનની તમામ પ્રાદેશિક ચેનલો પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેને સમગ્ર ભારત સહિત મહીસાગર જિલ્લામાં


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

કિસાન માદયમિક વિદ્યાલયમાં વિદ્યાર્થીમિત્રો અને શિક્ષકોએ નિહાળ્યું હતું.

પ્રધાનમંત્રીએ પ્રેરક સંવાદમાં જણાવ્યું હતું કે, જો મન અભ્યાસમાં પુરેપુરૂ એકાગ્ર હશે તો કોઈપણ માદ્યમ હોય ઓનલાઈન કે ઓફલાઈન કોઈ ફર્ક પડશે નથી વધુમાં તેમણે વાલી અને શિક્ષકોને તેમના મનની આશા અપેક્ષા અનુસાર બાળકો ઉપર ભાર વધારવાથી બચવાનો પ્રયાસ કરવા જણાવ્યું હતું.

કિશાન વિદ્યાલયની વિદ્યાર્થીની માર્ગી પટેલે આ કાર્યક્રમ નિહાળી પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીનું પ્રેરણાદાયી માર્ગદર્શન પરીક્ષાર્થીઓને તણાવ મુક્ત કરશે અને પ્રોત્સાહન પુરૂ પાડનારૂ બની રહેશે.

આ કાર્યક્રમને નિહાળવા જિલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોર, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, જિલ્લા શિક્ષણાધિકારી પી.એન. મોદી, શાળાના આચાર્ય સહિતશિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીઆ શહેરમાં કેન્દ્રિય ઓઈલ કંપનીઓના પેટ્રોલ પંપો કાર્યરત-જયારે ખાનગી કંપનીઓના પંપ બંધ થતાં જનતાને હાલાકી

દે.બારીઆ,
દે.બારીઅ શહેરમાં કુલ ચાર પંપો કાર્યરત છે. જેમાંથી બે ખાનગી કંપનીઓના પંપો બંધ થતાં લોકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ધરખમ વધારો થયો હોવાથી આજ સમયમાં શહેરના પંપોમાં એક લીટર પેટ્રોલના ૧૦૪ તથા ડિઝલના એક લીટરના ૯૮.૫૫ પૈસાનો ભાવ હોવાથી લોકો બેબાકળા બની ગયા છે. ૪૫ પૈસા છુટા કોણ માંગે અને આપે પણ કેવી રીતે આમ જ હજારો લીટર વેચાણ થાય ઉપરના પૈસા બેંક પોકેટમાં કર્મીઓ નાંખતા હોય છે. ૨૪ કલાકની નોકરીમાં ૩૦૦/૪૦૦ ઉપકલમાં જ મળી જાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખાનગી કંપનીના પેટ્રોલ તેમજ ડિઝલ પંપોને સરખા રેટ મુજબ કેન્દ્રિય કંપનીઓ ભાવ ટુ ભાવ ઈંધણનો જથ્થો આપવામાં આનાકાની કરતા ખાનગી પંપો માલ વધુ ભાવના રેટે ઉપાડતા નથી જયારે ઈન્ડિયન ઓઈલ તેમજ ભારત પેટ્રોલિયમના પંપો ઉપર ભારે ધસારો જોવા મળે છે જયારે સી.એન.જી.ના પંપ ઉપર તો સવારે એક કિ.મી.જેટલી લાઈનો જોવા મળે છે. ગેસના પંપમાં પ્રેસર ના આવતો હોય તો બુસ્ટર નાંખવાની તજવીજ કેમ લેતા નથી તે ગેસની ગાડીના માલિકો પુછી રહ્યા છે. કેન્દ્રિય ઓઈલ કંપનીઓ પાસે સરખા રેટ પ્રમાણે તમામ પંપો ઉપર પેટ્રોલ અને ડિઝલનુ એકસરખો ભાવ મળે તેવો આગ્રહ કરી રહ્યા છે.આના સંદર્ભે મળતી માહિતી અનુસાર કાચા તેલમાં વૈશ્વિક માતાંક બ્રેંડ ક્રુડ વાયદો ૧.૮૮ની સાથે ૧૧૨.૨૦ ડોલર પ્રતિ બેરલ મુજબ થાય તો હજુ ૨૦૨૧થી લઈ આ વર્ષે ૨૧ માર્ચ સુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રહ્યા હતા. લગભગ ચાર માસ સુધીના સમય દરમિયાન પેટ્રોલ અને ડિઝલના ભાવોમાં કોઈ ઉતાર ચઢાવ થયો ન હતો ત્યારબાદ ૨૨ માર્ચ ૨૦૨૨થી પેટ્રોલિયમ ઈંધણના ભાવ વધવાનો સીલસીલો ચાલુ થયો હતો અને હજુ પણ ચાલુ જ છે. આમ ગરીબ જનતાએ તો બાઈકો ચલાવવાનુ બંધ કરી દીધુ છે. જેથી ગરીબ જનતાએ તો હાય તૌબા ત્રાહિત્રામ પોકારી ઉઠ્યા છે. એટલે તો કોંગ્રેસે ભાવ વધારાના વિરોધમાં ગાંધીના વિજયચોકમાં મીડિયા સામે ધરણા કર્યા અને દરેક રાજયમાં વિરોધપક્ષના નેતાઓ વધારાતા વિરોધમાં ધરણા સાથે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાને રોકવામાં આવે તેવી અસર ગરીબો પર પડી રહી છે. ગેસ સિલીન્ડરના ભાવ બમણા થઈ ગયા છે ચાલુ ઈતિહાસમાં કયારે બન્યુ નથી.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

**લુણાવાડા તાલુકાના વિરણીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગુજરાત રાજ્ય સયુંકત કર્મચારી મોરચા, અને NOPRUF ટીમ મહિસાગર ના આદેશ અન્વયે જુની પેન્શન યોજના લાગુ કરવા ૧ એપ્રિલ બ્લેક ડે તરીકે લુણાવાડા તાલુકા આરોગ્ય મહાસંઘ ના તમામ કર્મચારી ઓ એ વિરોધ દર્શાવ્યો હતો.**

# સંતરામપુર તાલુકાના ગ્રુપ ગ્રામ પંચાયત ટીમલા ગામે સરકારી મિલકતને નુકસાન પહોંચાડતા સરપંચએ પોલીસ ફરિયાદ આપી

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ગ્રુપ ગ્રામ પંચાયત ટીમલા ગામે સરકારી મિલકતને નુકસાન પહોંચાડતા સરપંચે પોલીસ ફરિયાદ આપી સંતરામપુર તાલુકાના ગ્રુપ ગ્રામ પંચાયત ટીમલા ગામે આંગણવાડી કેન્દ્રનું મકાનનું બાંધકામ ચાલી રહ્યું હતું અને ટૂંક સમયમાં પૂર્ણ થવાના આરે હતું ત્યારે આંગણવાડી મકાનમાં ભોય તળિયે ટાઈલ્સ ફિટિંગની કામગીરી હાથ ધરવામાં આવેલી હતી અને ફીટીંગ કર્યા પછી તેને ગામના રહેવાસી ટીમલા ગામના મંગાભાઈ ખુમાભાઈ ડામોરે તેને તોડફોડ કરી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

નાખી હતી અને ટાઈલ્સો ઉખાડીને બહાર ફેંકી દેવામાં આવેલી હતી આ રીતે સરકારી મિલકતને નુકસાન પહોંચાડતાં ટીમલા ગ્રામ શાયદ ના સરપંચ પોલીસ સ્ટેશનમાં લેખિતમાં ફરિયાદ આપેલી હતી વારંવાર મંગળાભાઈ પંચાયતમાં અને સરકારી કામો કરતા હોય તો વારંવાર નડતરરૂપ કરીને પંચાયતના વિકાસના કામો કરવા દેતા નથી આ રીતે સરપંચે લેખિતમાં જણાવ્યું હતું અને ખોટી રીતે માનસિક ત્રાસ પણ આપે છે આંગણવાડી કેન્દ્ર પર ટાઈલ્સ ઉખાડી નાખી ને અને ફરી બેસાડવા માટે સરપંચ ફરી તને ટાઈલ્સો બેસાડવા માટ નો વારો આવેલો છે સરકારી નુકસાન પહોંચાડતા સરપંચે ફરિયાદ નોંધાવી.

# દાહોદ પાલિકા સામે માર્ગ ઉપર ખાનગી ટ્રાવેલ્સ ઉપર વીજ પોલ ધરાશાઈ થતાં બસને નુકસાન : મુસાફરોનો આબાદ બચાવ

દાહોદ,
દાહોદ શહેરની નગરપાલિકાની સામે જાહેર રસ્તા પરથી પસાર થઈ રહેલ એક પેસેન્જર ભરેલ ખાનગી ટ્રાવેલ્સ ઉપર રસ્તાની બાજુમા આવેલ એક વીજ પોલ જોતજોતામાં ધરાશાઈ થઈ જતાં બસનો કચ્ચરઘાણ વળી ગયો હતો. સદ્દનસીબે બસમાં સવાર ૩૫ જેટલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો અને તમામ મુસાફરોને હેમખેમ બસની બહાર કાઢવામાં આવ્યાં હતાં.

દાહોદ શહેરમાં આજરોજ વહેલી સવારે ચકચારી બનાવને પગલે શહેર સહિત જિલ્લામાં ચકચાર મચી જવા પામ્યો હતો. ચોવીસે કલાક વાહન ચાલકો, રાહદારીઓથી ધમધમતો અને શહેરની વચ્ચે આવેલ નગર પાલિકાની સામેના માર્ગ ઉપર એક મુસાફર ભરેલ ખાનગી બસ પસાર થઈ રહી હતી તે સમયે રસ્તાની બાજુમાં આવેલ એક વીજ પોલ જોતજોતામાં ધરાશાઈ થતાં પેસેન્જર ભરેલ ખાનગી બસ ઉપર આ વીજ પડતાની સાથે બસનો ઉપરના ઉપરના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં અને બસમાં સવાર ૩૫ જેટલા મુસાફરોને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યાં હતા. સદ્દનસીબે આ બનાવમાં કોઈ જાનહાની ન થતાં સૌ કોઈએ હાશકારો અનુભવ્યો હતો પરંતુ ચાલુ વીજ પોલ ધરાશાઈ થતાં વીજપુરવઠો ખોરવાયો હતો. ઘટનાની જાણ સ્થાનીક પોલીસ સહિત એમ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓને થતાં તમામ સ્ટાફ ઘટના સ્થળ પર દોડી ગયો હતો. આ ખાનગી બસ દાહોદથી ઈન્દૌર જતી હતી. આ ઘટનાને પગલે સ્થાનીકોના જણાવ્યાં અનુસાર, આ વીજ પોલ ઘણા સમયથી ઝુકી ગયેલો હતો. વહેલી સવારની આ ઘટનાને પગલે મોટી દુર્ઘટના બનતી અટકી હતી જો બપોરના સમયગાળા દરમ્યાન આ ઘટના બનતી તો મોટી દુર્ઘટના સર્જાતી કારણ કે, બપોર બાદ આ વિસ્તારમાં અવર જવર વધુ રહેતી હોય છે.

# રાજસ્થાન દોસાના ડૉકટરના કેસને ન્યાય આપવા લુણાવડાના પ્રાઈવેટ દવાખાના બંધ રહશે

લુણાવાડા,
સમગ્ર ભારતમાં ચકચાર મચાવનાર રાજસ્થાન રાજયના દોસાના ગાયનોલોજીસ્ટ ડોકટર અર્ચનાબેન શર્મા કેસને ન્યાય આપવા તમામ ડોક્ટરો સાથે હિંસા રોકવા તથા આબનાવ માટે જવાબદાર તમામ ગુનેગારોને તાત્કાલિક અસરથી ધરપકડ કરવા માટેની દેશ વ્યાપી ઈન્ડિયન મેડીકલ એસોસિએશન ની માગણી માગણીને સમર્થનમાં IMA લુણાવાડા દ્વારા મહિસાગર જિલ્લાની જનતાને મેસેજ ફરતો કર્યો હતો કે તા.૨/૪/૨૦૨૨ ને શનિવાર ના રોજ લુણાવાડામાં આવેલી તમામ પ્રાઈવેટ હોસ્પિટલો સવારના ૮ વાગ્યાથી લઈને સાંજે ૬ વાગ્યા સુધી ઓપીડી નું કામ બંધ રહેશે આ સમયગાળાના દરમિયાન ઈમરજન્સી કેસની સારવાર ચાલુ રહેશે તેવું લુણાવાડા મેડિકલ એસોશ્ચનના પ્રમુખ યોગેશ મોદીએ જણાવ્યું હતું.

# મૃદુ પણ મક્કમ, નિડર અને પરિશ્રમી મુખ્યમંત્રી તરીકે ઉભરી આવેલા ભૂપેન્દ્રભાઈ પટેલ

## ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારના પ્રથમ ૨૦૦ દિવસની જનસેવા પરિશ્રમ યાત્રા





ગાંધીનગર,
૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જ્યારે પદભાર સંભાળ્યો તે ક્ષણે ગુજરાતના સાડા છ કરોડ નાગરિકોને અહેસાસ થયો કે, એક સરળ, સહજ અને સાલસ સ્વભાવના મૃદુ પણ મક્કમ જનનાયક ગુજરાતને મળ્યા છે. પારદર્શિતા અને સંવેદનશીલતા સાથે વિના વિલંબે મક્કમતાથી લોકોને સ્પર્શતા નિર્ણયો લેવાની એમની કુનેહનો આજે સમગ્ર ગુજરાતને પરિચય થઈ રહ્યો છે. માનવ માત્ર પ્રત્યેની તેમની સંવેદનાને સૌ કોઈ બિરદાવી રહ્યું છે. લોકોની વચ્ચે જઈને, લોકોના બનીને તેઓ લોકોના પ્રશ્નો મૃદુતાથી સાંભળે છે અને તેના ત્વરિત નિવારણ માટે મક્કમ નિર્ણયો લે છે. મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યાના ૨૦૦ દિવસમાં તેમણે સમાજના તમામ વર્ગના અને વય જુથના લોકો અને તમામ વ્યવસાયના લોકોના ઉત્કર્ષ માટે અનેક નવતર પહેલ કરી છે. રાજ્યનાં પ્રત્યેક ખૂણામાં વસતાં યુવાનો, મહિલાઓ, ખેડૂતો, વંચિતો, વનબંધુઓ, ગ્રામજનોના સમૂચિત વિકાસ માટે જનકલ્યાણકારી યોજનાઓ અમલી બનાવીને સર્વસમાવેશક ઉત્કર્ષ કર્યો છે. ભૂપેન્દ્રભાઈ પટેલનો સાલસ સ્વભાવ અને કામ કરવાની ધગશને સૌ કોઈ આવકારી રહ્યાં છે.

૨૦૦ દિવસના કાર્યકાળમાં ભૂપેન્દ્રભાઈ પટેલની છબી એક મક્કમ પણ મૃદુ મુખ્યમંત્રી તરીકે ઉભરી આવી છે. સાડા છ કરોડ ગુજરાતીઓને વિકાસયાત્રામાં જોડીને એમણે જનહિતના કાર્યો માટે વ્યાપક જનશક્તિ ઉજાગર કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ અને મક્કમ નેતૃત્વના પ્રથમ ૨૦૦ દિવસના પરિશ્રમ ગાથા જોઈએ તો ૩૦૦થી વધુ સરકારી અને ખાનગી કાર્યક્રમો તથા બેઠકો, ૨૨,૦૦૦થી વધુ લોકો સાથે રૂબરૂ સંપર્ક, ૬૧,૦૦૦ કિલોમીટરનો વ્યાપક પ્રવાસ કરીને એમણે ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટે નિષ્ઠાવાન પૂરૂષાર્થ આદર્યો છે.

સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રના અર્થતંત્રમાં અને વિકાસ પ્રક્રિયામાં કૃષિ ક્ષેત્રની ભૂમિકા મહત્વની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ઉર્જાવાન નેતૃત્વ હેઠળ ખેડૂત હિતલક્ષી મક્કમ નિર્ણયો લેવામાં આવ્યાં છે. ધરતીપુત્રોની આવકમાં વધારો જોઇ શકાય છે. ખેત ઉત્પાદનમાં વધારો થયો છે. ખેડૂતોની જમીન વધુ ફળદ્રુપ બને અને રાસાયણિક ખાતરોથી જમીનને થતા નુકશાનને અટકાવવા માટે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપી ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડની રચના કરવાની મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ગુજરાતના ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. ખેતરમાં ટ્રાન્સમિશન લાઈન તથા ટાવર ઉભા કરવા માટે ખેડૂતોને અપાતા ૭.૫ ટકાના આર્થિક વળતરને બમણું કરીને ૧૫ ટકા કરવામાં આવ્યું છે. ધરતીપુત્રોને રવિ તેમજ ઉનાળુ પાક માટે પણ વ્યાજ સહાય મળી રહે તે માટે, સાથે જ પશુપાલકો અને માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ સહાય આપવાની નવી યોજના લઈને તેઓ આવ્યા છે.

ડ્રોનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી ઉત્પાદન વધે અને કૃષિ ઈનપુટ ખર્ચ ઘટે, તે માટે નવતર અભિગમ અમલમાં મુક્વા આવ્યો છે. કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસનાં સમયે વીજળી આપવામાં આવે છે. પેન્ડીંગ વીજ કનેક્શનો સત્વરે પૂરા પાડવાની દિશામાં મક્કમ નિર્ધાર સાથે રૂ. ૧૦૪૬ કરોડની માતબર રકમ ફાળવી આપવામાં આવી છે. રાજ્યની ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ તેમજ માળખાકીય સગવડોના વિકાસ માટે તેમણે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના'' શરૂ કરી છે.

### જનસેવાની નિષ્ઠાપૂર્વકની પ્રતિબધ્ધતા

- સુશાસન સપ્તાહ : રૂ.૯૭૮.૫૮ કરોડના ખર્ચે ૨૦,૧૯૦ કામોના ખાતમુહૂર્ત, રૂ.૬૬૩.૧૦ કરોડના ૨૨,૪૯૦ કામોના લોકાર્પણ કરવામાં આવ્યાં. જેનો લાભ ૨.૭૦ લાખથી વધુ લોકોને મળ્યો.
- આત્મનિર્ભર ગ્રામયાત્રા : માત્ર ત્રણ દિવસમાં રૂ.૧૫૦૦ કરોડના ખર્ચે ગ્રામજનોના સર્વાંગી વિકાસ માટે ૪૩,૦૦૦ જેટલા ગ્રામ વિકાસના કાર્યો કરવામાં આવ્યા.
- 'આપણું ગામ, આપણું ગૌરવ' ગુજરાત પંચાયત મહા સંમેલન : સમગ્ર રાજ્યના પંચાયતના પ્રતિનિધિઓને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૩ સુધીમાં ગામડાઓને સમૃદ્ધ અને સમર્થ બનાવવા ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.
- સેવાસેતુ કાર્યક્રમ : સાત તબક્કામાં ૨.૪૬ કરોડ કરતા વધુ અરજીઓ પૈકી ૯૯.૮૭ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.
- મહેસૂલ મેળા રાજ્યના નાગરિકોને ઘર આંગણે નામ કમી કરવુ, નવું ઉમેરવું, સર્વે, નવી એન્ટ્રી તેમજ રિ-સર્વે જેવા પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યા.
- ગરીબ કલ્યાણ મેળા : આ મેળાની ૧૨મી શૃંખલામાં ૧૭,૩૦,૬૫૩ લાભાર્થીઓને રૂ.૭૬૧૦.૫૮ કરોડની કુલ સહાય સ્થળ પર જ ચૂકવવામાં આવી.

### દેશભરમાં ગુજરાતે ચાતર્યો નવતર ચીલો

- ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા લોજિસ્ટિક્સ ઈઝ એક્રોસ ધ સ્ટેટ (LEADS) ૨૦૨૧ માં ગુજરાત પ્રથમ છે.
- નીતિ આયોગે જાહેર કરેલા એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્ષ-૨૦૨૧માં ગુજરાત સમગ્ર દેશમાં સતત બીજા વર્ષે ગુજરાત પ્રથમ ક્રમે. દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉચ્ચ ગુણવત્તાની સપ્લાય ચેઈન અને ઓછા ખર્ચે લોજિસ્ટિક્સની પોતાની આગવી ક્ષમતાઓ પુરવાર કરીને આ ગૌરવ સિદ્ધિ મેળવી છે.
- નીતિ આયોગ દ્વારા જાહેર એક્સપોર્ટ કોમ્પિટેટીવનેસ ઈન્ડેક્સ ૨૦૨૦ મુજબ નિકાસ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.
- નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલા નાણાકીય વ્યવસ્થાપનના માપદંડોમાં ગુજરાત દેશમાં સર્વપ્રથમ છે.
- ભારત સરકારના ડી.એ.આર.પી.જી દ્વાર જાહેર કરવામાં આવેલા ગુડ ગવર્નન્સ ઈન્ડેકસમાં ગુજરાત દેશમાં સર્વપ્રથમ છે.

### જનહિતલક્ષી નિર્ણયોની ઝલક

- ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું રૂ.૨.૪૪ લાખ કરોડનું બજેટ પ્રસ્તુત થયુ.
- વડાપ્રધાનના આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં સૂર પુરાવતું રૂ.૧૭ હજાર કરોડના વધારા સાથે અને કોઈ જ નવા કરવેરા વિનાનું પૂરાંતવાળું બજેટ.
- નમો વડ વન : રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૭૫ વડ વન સ્થપાશે અને પ્રત્યેક વનમાં ૭૫ વડ વૃક્ષનું વાવેતર વન વિભાગ કરશે.
- ગુજરાતનાં તમામ જાહેર સ્થળો ઉપરના લખાણને ફરજિયાત ગુજરાતી ભાષામાં લખવાનો મહત્વપૂર્ણ અને પારદર્શક નિર્ણય.
- રાજ્યના ૪ હજાર ગામોમાં રૂ.૭૧ કરોડના ખર્ચે મફત વાઈ-ફાઈ સુવિધા પૂરી પાડવામાં આવશે.
- પ્રજાના પ્રશ્નો સરકારના વિવિધ વિભાગો વચ્ચે અટવાય નહિ તે માટે ઈ-સરકાર પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.
- ઓપરેશન ગંગા અન્વયે યુક્રેનમાં અભ્યાસ માટે ગયેલા વિદ્યાર્થીઓને ભારત પરત લાવવામાં આવ્યા. આ વિદ્યાર્થીઓને મુંબઈ અને દિલ્હી હવાઈ મથકેથી ગુજરાતમાં તેમના નિવાસ સ્થાને પહોંચાડવા માટેની સુદઢ ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા કરવામાં આવી.
- નાગરિકોને બિનખેતીના હુકમ બાદ પ્રોપર્ટી કાર્ડ ઓટો ઝનરેશનથી આપવાનો સહૃદયી નિર્ણય.
- લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩-એની મંજુરીની પ્રક્રિયાઓ ઓનલાઈન કરીને વધુ પારદર્શક બનાવાઈ.
- ગણોતધારા કલમ એમ-૩૨ અંતર્ગત ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદતમાં ત્રણ વર્ષનો વધારો કરવામાં આવ્યો છે.
- રાજ્યના નવયુવાનોને સુરક્ષા સેવા ક્ષેત્રમાં જોડવા માટેની સુવર્ણ તક ઉભી કરવામાં આવી છે. પોલીસની વિવિધ સંવર્ગોની ૧૩૮૨ જેટલી જગાઓ ઉપર ભરતી કરવા માટે પોલીસ સબ ઈન્સપેક્ટર ભરતી બોર્ડનું ગઠન કરવામાં આવ્યું છે.
- લોકરક્ષકના વિવિધ સંવર્ગો માટે ૧૦,૪૫૯ ની જગાઓ માટે નવયુવાનોની પારદર્શક ભરતી કરવા માટે લોકરક્ષક ભરતી બોર્ડની રચના કરવામાં આવી છે.
- રાજ્યના સુરક્ષા કર્મીઓને ટેકનિકલ બાબતોના ઉપયોગથી વધુ સુસજ્જ કરવા માટે ટેકનિકલ ભરતી બોર્ડનું ગઠન કરવામાં આવ્યું.
- રાજ્યમાં ડ્રગ્સના ગુનાઓ પર કાબુ મેળવવા અને તેના ગુનેગારોને પકડવા રાજ્ય સરકારે કમરકસી છે. જે અંતર્ગત રેપીડ ડ્રગ ટેસ્ટ માટે મોબાઈલ ડ્રગ ટેસ્ટીંગ એનલાઈઝરની ખરીદી કરાશે.
- લુપ મેડીએટ આઈસોથર્મલ એમ્પ્લીફિકેશન સિસ્ટમના સાધનોની ખરીદી માટે ૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામા આવશે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો. આવા કેટલાક લોકો અચાનક જ તમારા સહયોગ માટે આગળ આવશે.

વૃષભ : આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે. ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો. આવકના સ્રોતમાં વધારો થશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.

મિથુન : આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં.

કર્ક : આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો, તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

સિંહ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો. જો તમે ધૈર્ય ગુમાવશો તો તમારા પરિવારના સભ્યો સાથે બિનજરૂરી દલીલો થવાની સંભાવના છે.

કન્યા : આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં. કાર્ય વ્યવસાયથી લાભની પૂરેપૂરી સંભાવના છે, પરંતુ વિલંબ ટાળો નહીં તો નફો ઓછો થઈ શકે છે.

તુલા : આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઈચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે. ઘરના કોઈને આપેલ વચન પૂરા કરવામાં વિલંબ થશે.

વૃશ્ચિક : નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં સંયમ નહીં રાખો તો ખરાબ સ્વાસ્થ્ય તરફ દોરાઈ શકો છો. બિનજરૂરી ખર્ચ માનસિક પરેશાની તરફ દોરી શકે છે.

ધન : આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઈ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે. બપોરે શારીરિક સમસ્યા રહેશે.

મકર : આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે. કુટુંબને તમારા વર્તનનો ઘમંડ ગમશે નહીં, વડીલોથી બચજો. ઓફિસમાં તમારા કામથી તમે સંતુષ્ટ થશો નહીં.

કુંભ : આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે.

મીન : આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે. પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે. રાજકારણ સાથે સંકળાયેલા લોકોને પ્રગતિ માટે વિશેષ તકો મળશે.

આઝાદી કા અમૃત મહોત્સવ

# મૃદુતા સાથે **મક્કમતા,** નિર્મળતા સાથે **નિર્ણાયકતા**



“ જમીન સાથે જોડાયેલા અને ટેકનોલોજીનો ઉપયોગ કરનારા ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત ચોતરફા વિકાસ કરશે ”



માનનીય મુખ્યમંત્રી

**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના**

નેતૃત્વમાં

## 200

## દિવસની જનસેવાની પરિશ્રમ યાત્રા

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના પ્રથમ 200 દિવસના કાર્યકાળમાં 61 હજાર કિલોમીટર પ્રવાસ કરી લોકોની વચ્ચે જઈને, લોકોના બની, સઘન લોક સંપર્ક દ્વારા બહુવિધ જનહિતકારી કાર્યક્રમોથી ગુજરાતનાં ખૂણે ખૂણાના વિકાસ માટેનો નિષ્ઠાવાન પુરૂષાર્થ



- ગુજરાતના ઇતિહાસમાં અત્યાર સુધીના સૌથી મોટા ₹2 લાખ 44 હજાર કરોડના બજેટની પ્રસ્તુતિ



- એક હજાર દિવસની સંભાળ-સ્વસ્થ રહે માતા અને બાળના મંત્ર સાથે મહિલાઓના સુપોષણ માટે ₹850 કરોડ વપરાશે. 1,000 દિવસ સુધી સગર્ભા મહિલાને પોષક આહાર પૂરો પાડવામાં આવશે



- ખેડૂતમિત્રોના હિતાર્થે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરી રસાયણયુક્ત ખેતીથી મુક્તિ આપી. ડાંગ જિલ્લો બન્યો 100 ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો



- મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના દ્વારા ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓનો માળખાકીય વિકાસ



- નલ સે જલ કાર્યક્રમની કામગીરી ઝડપી કરી વર્ષના અંતે રાજ્યભરમાં નળથી જળ પૂરું પાડવાનો સંકલ્પ

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ચૈત્રી નવરાત્રી નો આજ થી પ્રારંભ

# તા.૨ થી ૧૬ એપ્રિલ સુધી મંદિર ના દ્વાર સવારે પાંચ કંલાકે ખોલાશે

ગોધરા, છેલ્લા બે વર્ષ થી વૈશ્વિક કોરોના મહામારીને કારણે પાવાગઢ નિજમંદીર ચૈત્રી નવરાત્રી દરમ્યાન પ્રતિબંધક નીયમોના કારણે બંધ રહેતા માઈ ભક્તો માતાજી ના દર્શન થી વંચીત રહ્યા હતા. પરંતુ ૨૦૨૨ ના ચાલુ વર્ષ દરમિયાન ચૈત્રી નવરાત્રી દરમ્યાન ભાવીક ભક્તો નો ઉત્સાહ વિશેષ પ્રમાણ મા જોવા મળ્યો છે. જેમા પોલીસ તંત્ર દ્વારા બંદોબસ્ત ગોઠવી ખડેપગે રહી. ચૈત્રી નવરાત્રી દરમ્યાન આવતા ભાવીક ભક્તો ને કોઈપણ પ્રકાર ની મુશ્કેલીમાં સેવા આપી ફરજ બજાવવા તત્પરની તૈયારીઓ દર્શાવેલ છે. ચૈત્રી નવરાત્રી એ માતાજીનો શ્રેષ્ઠ સમય દરમિયાન બે વર્ષ થી નિજમંદીર માતાજીના દર્શન બંધ હોવાથી લાખો શ્રદઘાળુઓ માતાજીના દર્શનાર્થે આવશે તે અનુસાર તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરવા આવેલ છે. દર વર્ષે વિસ થી પચ્ચીસ લાખ ઉપરાંત ના માઈ ભક્તો માતાજીના ચરણોમા શિશ



જુકાવતા હોય છે. ચૈત્રી નવરાત્રી દરમ્યાન લાખો ભાવીક ભક્તો માતાજીના દર્શનાર્થે આવતા હોય છે. જેમા હાલોલ થી પાવાગઢ રોડ ઉપર અનેક સેવાભાવી સમાજ સેવકો દ્વારા વિશામા ની તૈયારીઓ શરૂ કરવામા આવી છે. પગપાળા આવતા યાત્રાળુઓ માટે સમાજ સેવકો દ્વારા પગપાળા જતા યાત્રાળુઓ ની સેવા માટે તૈયારીઓ થઇ રહી છે. પવિત્ર ચૈત્ર નવરાત્રી દરમ્યાન પંચમહાલ જીલ્લા વિસ્તારમાંથી પસાર થતા પાવાગઢ પગપાળા જતા યાત્રાળુઓને વાહનવ્યવહારની સમસ્યા તથા આરોગ્ય લક્ષી સમસ્યા અથવા ઈમરજન્સી સેવાઓ માટે ગુજરાતના જુદા-જુદા જીલ્લા માંથી આવતા યાત્રાળુઓ માટે વિશ્વ હિન્દુ પરિષદ પંચમહાલ જીલ્લા પ્રેરીત યાત્રી હેલ્પલાઈન શરૂ કરવામા આવી છે. મો.૯૦૩૩૧ ૫૬૫૯૩, (૨) ૯૮૨૫૬ ૭૬૫૧૬, (૩) ૯૭૨૬૫ ૪૩૧૫૦, (૪) ૯૯૭૮૪ ૮૧૮૮૫, (૫) ૯૮૯૮૫ ૬૪૧૧૨. આ હેલ્પલાઈન નંબર ચૈત્રી નવરાત્રી દરમ્યાન વિશેષ સેવાઓ દરમ્યાન ઈમરજન્સી એમ્બ્યુલન્સ જેવી શુવીધાઓ આપવામા આવેલ છે. પાવાગઢ આવતા સર્વે માઈ ભક્તોને જરૂર જણાય તો ઉપરોક્ત મોબાઈલ નંબર ઉપર કોલ કરી આરોગ્ય અને મિકેનીકલ કે અન્ય કોઈ પણ જરૂરી માર્ગદર્શન મેળવી શકે છે. પાવાગઢ નિજમંદીર ના દ્વાર તા. ૨ થી ૧૬ સુધી મંદિર ના દ્વાર સવારે પાંચ વાગ્યે ખુલશે અને સાંજે રાત્રે આઠ વાગ્યા ના સમયે બંધ કરવામાં આવનાર છે. માતાજી ના ભાવીક ભક્તોનો ભારે પ્રવાહને દયાને લઈ નવમી નવરાત્રી તેમજ પુનમ દિવસે મંદિર ના દ્વાર ચાર વાગ્યે ખોવલામા આવશે તેવુ મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવેલ છે.

> આજથી શરૂ થતાં ચૈત્રી નવરાત્રિના પાવનપર્વએ મોટી સંખ્યામાં માઈ ભક્તો દર્શન આવવાની શક્યતા હોય તે જોતા વહીવટી તંત્ર મંદિર ટ્રસ્ટ દ્વારા તૈયારીઓ પુરી કરાઈ છે સાથે કાયદો અને સલામતીને ધ્યાનમાં લઈ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા ૩ ડિવાયએસપી, ૯ પી.આઈ. સહિતનો પોલીસનો કાફલો તૈનાત કરવામાં આવ્યો છે.

## મોરવા(હ) ના માતરીયા વાડી ગ્રામ પંચાયત બેઠક એસ.ટી. સામાન્ય બદલીને એસ.ટી. પુરૂષ કરવાની માંગ સાથે કલેકટરને આવેદન

મોરવા(હ), મોરવાહડફ તાલુકાના માતરીયા વાડી ગ્રામ પંચાયત માં સરપંચનો બેઠકનો પ્રકાર અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.) સામાન્ય બદલી ને અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.પુરૂષ) કરવા મામલે આજ રોજ માતરીયા વાડી ગામના નાયકા સમાજ (એસ.ટી.) ગ્રામજનો દ્વારા પંચમહાલ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ત્યારે આવેદનપત્ર સાથે રજુઆતમાં જણાવ્યા અનુસાર આઝાદીના ૭૫ વર્ષ બાદ અમારા માતરીયા વાડી પંચાયતની સરપંચની ચૂંટણીમાં અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)સામાન્ય ની બેઠક ફાળવવામાં આવી છે. જે આનંદની વાત છે.આટઆટલા વર્ષો બાદ માતરીયા વાડી ગામમાં અનુસૂચિત આદિજાતિ(એસ.ટી.) ની સીટ આવી છે પરંતુ માત્ર ને માત્ર અમારૂં નાયક ફળિયું એસ.ટી.




૧૦% અસ્તિત્વ ધરાવે છે બાકીનાં બક્ષી અને અન્ય સમાજ છે.ત્યારે સાચા મૂળ ગામના કોઈપણ વ્યક્તિ ને સાચો ન્યાય મળે તે બાબતે અમારા ગામમાં બક્ષી સમાજમાં ઘણાખરા લોકો અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.) સ્ત્રીઓ ને (ઉઘળીચાટ કે ગાંધર્વ લગ્ન) કરી લાવ્યા છે.જે પૈસે ટકે અમારા સમાજથી ઉચ્ચ છે. બક્ષી સમાજ દ્વારા તેઓની સ્ત્રીઓના જાતિના દાખલા ને આધારે તેમજ પૈસાના જોરે અમારી સામે ચૂંટણીમાં ઊભા રહે છે.અને આ જ જાતિના દાખલા પર ગત વર્ષે આવેલા તાલુકા સભ્ય ની સીટ અન્ય સમાજની વ્યક્તિ ને અન્ય જાતિના આધારે બની બેઠેલા આદિવાસીના ફાળે ગઈ હતી.ત્યારે તે વખતે પણ અમારી સાથે ખૂબ મોટો અન્યાય થયો હતો. ત્યારે હાલમાં આવી રહેલી પંચાયતની ચૂંટણીમાં પણ આવું જ થઈ રહ્યું છે. જેના કારણે અમારા નાયક સમાજને ઘણો મોટો અન્યાય થઇ રહ્યો છે. ત્યારે અમારી માંગ છે કે અમને અન્યાય નાં થાય તે માટે આ આવેદનપત્ર સાથે રજૂઆત ને ધ્યાને લઈ યોગ્ય તપાસ કરી ન્યાયિક દ્રષ્ટિ થી અમને અમારો સાચો હક્ક અને અધિકાર મળે તે માટે ગ્રામ પંચાયત માતરીયા વાડી માં સરપંચ નો બેઠકનો પ્રકાર અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)સામાન્ય આવેલ છે જે બદલીને અનુસૂચિત આદિજાતિ (એસ.ટી) પુરૂષ કરવામાં આવે.તેમજ મૂળ માતરીયા વાડી ની ૭૩અઅ ની એન્ટ્રી જોઈ મૂળ ગામને ન્યાય કરવો.ત્યારે જ્યાં સુધી માતરીયા વાડી સરપંચ નો પ્રકાર એસ.ટી.પુરૂષ અસ્તિત્વમાં આવે ત્યાં સુધી અમારી પંચાયત ની ચૂંટણી રદ અથવા સ્ટે લાવવા નાયકા સમાજ નાં ગ્રામજનો દ્વારા અરજ કરવામાં આવી છે.

## માર્ગ-મકાન વિભાગ દ્વારા સાલીયા અને મીરપ વચ્ચે પાનમ નદી ઉપર રૂપિયા ૧૪ કરોડના ખર્ચે પુલનું નિર્માણ કરાશે

ગોધરા, રાજ્યકક્ષાના મંત્રી અને મોરવા (હ) વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય નિમિષાબેન સુથારની લાગણી અને માંગણી ધ્યાને લઈ, સાલીયા અને મીરપ વચ્ચે પાનમ નદી ઉપર રૂપિયા ૧૪ કરોડના ખર્ચે પુલના નિર્માણ માટે મંજૂરી અપાઈ છે જે માટે રાજયના માર્ગ મકાન મંત્રી પૂર્ણેશભાઈ મોદીનો રાજય આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારે આભાર માન્યો છે.

રાજય આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારે જણાવ્યુ છે કે, મીરપ, ગોલ્લાવ, દહીકોટ, સરસાવ, ભામૈયા, ગામડી વિગેરે તથા મોરવા (હ) તાલુકાના ગ્રામજનોની રજુઆત ધ્યાને લતાં પાનમ નદી ઉપર પુલ બનાવવાથી ગોધરા તથા દેવગઢ બારીઆ અને ઘોઘંબા તાલુકાના અતિ ઉંડાણમાં આવેલ આશરે ૫૦ જેટલા ગામડાઓના ૭૫૦૦૦ જેટલા નાગરિકોની વસ્તીને સાલીયા, સંતરોડ અને મોરવા (હ) તાલુકા સાથે સીધા રસ્તાથી સાંકળી શકાશે.

ગોધરા તાલુકાના અતિ ઉંડાણમાં આવેલ ગામો જેવા કે મીરપ તથા આજુબાજુના નાગરિકોને ખરીદી કરવા, તબીબી સારવાર મેળવવા, બાળકોને શિક્ષણ/ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સંતરોડ સાલીયા થઈને જ ગોધરા મુખ્ય મથક સુધી આવવુ-જવું પડે છે. રેલ્વે તથા બસ વ્યવહાર પણ સાલીયાથી જ થાય છે. પાનમ નદીમાં ચોમાસામાં પુરમાં પણ ભુતકાળમાં લોકો તણાઇ ગયેલ હોવાના બનાવો બન્યા છે . આ પુલ બનવાથી આવા બનાવોમાંથી નાગરિકોને મુક્તિ મળશે.

સાલીયા અને મીરપગામ વચ્ચે પાનમ નદી પર પુલ બનાવવામાં આવે તો આજુબાજુના તમામ નાગરિકોને સાલીયા થઇ સીધો સામાજિક, આર્થિક, રાજકીય વ્યવહાર તથા રોડ તેમજ રેલ્વે વ્યવહાર સાંકળી શકાય તેમ છે. મીરપ તથા દહીકોટ, ગોલ્લાવ, સરસાવ, ગામડી, મામૈયા વિગેરે જેટલા ગામોનો હાલમાં મોરવા (હ) વિધાનસભા મત વિસ્તારમાં સમાવેશ થયો છે. સાલીઆ અને મીરપ વચ્ચે પાનમ નદી ઉપર પુલ બનાવવાથી મોરવા (હ) તાલુકાને ઘોઘંબા તાલુકા તથા ગોધરા તાલુકાને દેવગઢ બારીઆ તાલુકાના અતિ ઉંડાણમાં આવેલ ગામો એમ કુલ-૪ તાલુકાઓના ગામડાઓને તથા પંચમહાલ અને દાહોદ જિલ્લાના અતિ ઉંડાણમાં આવેલ ગામડાઓને સીધા રસ્તાથી સાંકળી શકાય તેમ છે. આમ જનતાના વર્ષો જુના સળગતા પ્રાણ પ્રશ્નો ઉકેલી પ્રજાની માંગણી સંતોષવા પાનમ નદી પર પુલ મંજૂર કરેલ છે.

## હાલોલના નવા ઢીકવા ગામે ડિગ્રી વગર એલોપેથિક પ્રેક્ટિસ કરતા ઝોલાછાપ બોગસ ડોકટરને ઝડપ્યો

હાલોલ, હાલોલ તાલુકાના નવા ઢીકવા ગામે નિશાળ ફળિયામાં ડિગ્રી વગરનો બોગસ ડોકટર તબીબી પ્રેક્ટિસ કરીને લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોય તેવી બાતમીના આધારે એસ.ઓ.જી.પોલીસે કથોલા પી.એચ.સી.ના તબીબને ટીમને સાથે રાખી તપાસ કરતા બોગસ તબીબને ૧૩,૮૩૯/-ના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

વિસ્તૃત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના નવા ઢીકવા ગામે નિશાળ ફળિયામાં પશ્રિમ બંગાળના વતની આનંદ નગીનભાઈ મલીક કોઈપણ પ્રકારની માન્યતા ડિગ્રી વગર તબીબી પ્રેક્ટિસ કરે છે અને વિસ્તારની પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતો હોય તેવી ખાનગી બાતમીના આધારે ગોધરા



એસ.ઓ.જી. પોલીસ દ્વારા કથોલા પી.એચ.સી. સેનટરના ડોકટર અને તેમની ટીમને સાથે રાખીને ઢીકવા ગામે મકાનમાં દવાખાનામાં તપાસ હાથ ધરતા પશ્રિમ બંગાળના બોગસ ઝોલાછાપ તબીબ આનંદ નગીનભાઈ મલીક(મુળ રહે.કાસદરા, સુર્યનગર, જિ.પણઘારા, પશ્રિમ બંગાળ)ને દવાના જથ્થા તથા મેડિકલ ઈન્સ્ટુમેન્ટ મળી ૧૩,૮૩૯/-રૂ.ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે તેની વિરુદ્ધ મેડિકલ પ્રેક્ટિસ એકટ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

## પંચમહાલ જીલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા પ્રાથમિક શિક્ષકોનું વિરોધ પ્રદર્શન, કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો, જૂની પેન્શન યોજના લાગુ કરવાની માગ

ગોધરા, ગુજરાત રાજ્ય કર્મચારી સંયુક્ત મોરચા દ્વારા નવી પેન્શન યોજના લાગુ થયેલ હોય આજનો દિન કાળા દિવસ તરીકે ઉજવવા આહવાન કરેલ જે અંતર્ગત પંચમહાલ જિલ્લાની હાલોલ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોએ શાળા સમય પહેલા ૧૫ મિનિટ દરમ્યાન તેઓના વિવિધ પડતર પ્રશ્નોને લઈને કાળી પટ્ટી બાંધી વિરોધ પ્રદર્શન કરી સૂત્રોચ્ચાર કર્યા હતાં અને તેઓએ જૂની પેન્શન યોજના ફરીથી ચાલુ કરવા અને કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ મળવા માટે સૂત્રોચ્ચાર કરી બે મિનિટનું મૌન ધારણ કરવામાં આવ્યું હતું. હાલોલ



ઉપરાંત જિલ્લા કક્ષાએ પણ શિક્ષકો દ્વારા પડતર પ્રશ્નોના તાત્કાલિક નિરાકરણ માટે કાળી પટ્ટી બાંધી સમગ્ર દિવસ દરમ્યાન શિક્ષણ કાર્યમાં જોડાયા હતા. વર્ષોથી પડતર રહેલા પ્રશ્નો અંગે સરકાર તાત્કાલિક નિર્ણય કરી નિરાકરણ કરે તેવી માંગણી કરવામાં આવી હતી. NPS ને દુર કરી OPS(ઓલ્ડ પેન્શન સ્કીમ) શરૂ કરવાની માંગણી સાથે સમગ્ર ગુજરાત રાજયના તમામ માદયમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને વહીવટી કર્મચારીઓ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી પોતાનું કામ કરી સરકારની નીતિઓનો વિરોધ દર્શાવી અને જો ઝડપથી આ પ્રશ્નનો સુખદ ઉકેલ ન આવે તો જલદ કાર્યક્રમો યોજવામાં આવશે. જેના ભાગ રૂપે પંચમહાલ જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ મૃગેન્દ્રસિંહ સોલંકી અને સમગ્ર સ્ટાફ દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો.

## ગોધરાની પોલન બજાર ઉર્દૂ કન્યા શાળામાં યોજાયો વાર્ષિકોત્સવ કાર્યક્રમ



ગોધરા, ગોધરાની પોલન બજાર ઉર્દૂ કન્યા શાળાના પ્રાથમિક વિભાગના બાળકોએ વર્ષ દરમિયાન કરેલ વિવિધ પ્રવૃત્તિઓ રમત ગમત, મહેંદી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા વગેરે પ્રવૃત્તિઓમાં વિજેતા બનેલ બાળકોને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યું હતુ. જેમાં અધ્યક્ષ તરીકે SRC વિજય પટેલ હાજર રહ્યા હતા. નગરપાલિકા સભ્ય તેમજ SMC સભ્ય મેડમ માયાની હાજરીમાં ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય મહેબૂબ વાઢેલએ તમામ મહેમાનોનો આભાર માન્યો હતો. છેલ્લે તમામ બાળકોને સમુહ ભોજન કરાવવામાં આવ્યુ હતું.




હાલોલ વિધાનસભા કોંગ્રેસ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના આદેશ અનુસાર મોંઘવારી અને પેટ્રોલ-ડીઝલ અને ગેસના અસહ્ય ભાવવધારાના વિરોધમાં વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ હાલોલ શહેરમાં રાખેલ હતો. દેશની ભાજપ સરકાર દ્વારા જે દેશની જનતાને અસહ્ય મોંઘવારી અને ભાવ વધારો આપવામાં આવી રહ્યો છે. એ વિષય ઉપર હાલોલ કોંગ્રેસ દ્વારા બસ સ્ટેન્ડ વિસ્તારથી જનસંપર્ક શરૂ કરીને સમગ્ર બજારમાં અસહ્ય મોંઘવારી અને પેટ્રોલ-ડિઝલ, ગેસના ભાવવધારા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર સાથે કાર્યક્રમ કરવામાં આવેલો હતો. જનસંપર્ક પૂર્ણ કરી હાલોલ બસ સ્ટેન્ડ ખાતે પેટ્રોલ પંપ અને ગેસના બાટલાના ફોટાને હાર પહેરાવી શ્રદ્ધાંજલિ પણ આપી અનોખો વિરોધ સાથે પાઠવી હતી.

## ગોધરા સ્ટેશન રોડ મંગળદાસ ચાલીમાં આવેલ ગોડાઉનમાંથી તુવેરદાળ અને ચોખા મળી ૩.૨૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ ચોરાયો

ગોધરા, ગોધરા સ્ટેશન રોડ મંગળદાસ મોહનલાલ ચાલીમાં ગોડાઉનમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમો તુવેર દાળના કટ્ટા નંગ-૧૫૫, ચોખાના કટ્ટા મળી કિ.રૂ.૩,૨૮,૫૦૦/-ના મુદ્દામાલની ચોરી થયાની ફરિયાદ બી-ડીવીઝન પોલીસ મથકે નોંધાવવા પામી છે.

ગોધરા સ્ટેશન રોડ મંગળદાસ મોહનદાસની ચાલીમાં જીગ્નેશભાઈ શાહનુ ગોડાઉન આવેલ હોય કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ૩૦ માર્ચની રાત્રિના સમયે ગોડાઉનનો લોખંડનો દરવાજો દિવાલમાંથી કાઢી ગોડાઉનમાં પ્રવેશ કરી તુવેર દાળ ૨૫ કિલોના કટ્ટા નંગ-૮૪ કિ.રૂ.૧,૭૬,૪૦૦/-, બીજવાસી તુવેરદાળના કટ્ટા નંગ-૬૯ કિ.રૂ.૧,૪૪,૯૦૦/-, સાજન તુવેરદાળના કટ્ટા નંગ-૨ કિ.રૂ.૪૮૦૦, શ્રીનાથ ચોખા ૨૫ કિલોના કટ્ટા નંગ-૨ કિ.રૂ.૨૪૦૦ મળી તુવેરદાળના કટ્ટા નંગ-૧૫૫ અને ચોખાના બે કટ્ટા મળી ૩,૨૮,૫૦૦/-રૂપિયાની ચોરી અજાણ્યા ચોર ઈસમો કરી જતાં આ બાબતે ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આ બાબતે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા શહેરની દલુની વાડી ખાતે કેન્દ્રીય વિદ્યાલય ખાતે "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૨" કાર્યક્રમનું આયોજન કરાયું

ગોધરા, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત દેશના વિદ્યાર્થીઓને સંબોધન કરવામાં આવ્યું હતુ. ત્યારે ગોધરા શહેરના દલુની વાડી ખાતે આવેલી કેન્દ્રીય વિદ્યાલયના ૩૫૦ વિદ્યાર્થીઓ, વાલીઓ, આચાર્ય અને શિક્ષકોએ કોમ્પ્યુટર લેબ, લાયબ્રેરી, ઓફિસ અને સ્કૂલ કોરિડોરમાં બેસીને ઓનલાઈન મોડ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સંબોધિત "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૨" કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમથી, ઓનલાઈન, કોવિડ-૧૯ રોગચાળા અને પરીક્ષાના મહત્વને દૂર કરવા માટે ભારત અને વિદેશના "પરીક્ષા વોરિયર્સ" વિદ્યાર્થીઓના કરોડો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતાને સલાહ આપી હતી. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ રેડીઓ, દૂરદર્શન, યુટ્યુબ, રાજ્યસભા ટીવી, સ્વયંપ્રભા વગેરે જેવી ચેનલો દ્વારા કરવામાં આવ્યું હતું. તણાવમુક્ત પરીક્ષા આપવા માટે, વડા પ્રધાને વિદ્યાર્થીઓને યોગ, પ્રાણાયામ અને સમયપત્રક બનાવવાની સાથે-સાથે જૂથ ચર્ચાનું મહત્વ શીખવાની સલાહ આપી હતી. આ જીવંત કાર્યક્રમમાં તેમણે વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ પણ તેમની આગવી, આકર્ષક શૈલીમાં આપ્યા હતા.

## ગોધરા સાતપુલ રોડ પર ટ્રકની ટક્કરે યુવાનનું મોત થતાં ફરિયાદ

ગોધરા, ગોધરા શહેરના સાતપુલ રોડ પર અકસ્માત સર્જી યુવાનનું મોત નિપજાવનાર ટ્રકચાલક સામે શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના બોરિયા કાટેડા ફળિયામાં રહેતા નારસિંગભાઈ ડિંડોરે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી જેમાં તેઓએ જણાવ્યું હતું કે તેઓનો પુત્ર વિક્રમ ગત ૩૧ તારીખે બાઈક લઈને વેજલપુર ખાતે આવેલ ડામરના પ્લાન્ટમાં જવા માટે નીકળ્યો હતો, ત્યારે ગોધરા શહેરના સાતપૂલ વિસ્તારમાંથી બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો, તે વેળાએ પૂરઝડપે પસાર થઈ રહેલા એક ટ્રકચાલક દ્વારા બાઈકચાલક વિક્રમને ટક્કર મારી હતી, જેમાં વિક્રમ ને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, ત્યારે આ બનાવ અંગે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે GJ-૧૭-UU-૭૪૫૧ નંબરના ટ્રકના ચાલક સામે ફરિયાદ નોંધાવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.186